ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# સે. ૨૪ રહેણાંક વિસ્તારમાં દબાણનો સફાયો

**સે-૨૪માં હાઉસીંગના રહેણાકમાં તાણી બંધાયેલી ૧૫ દુકાનોનો સફાયો : દબાણતંત્રએ સવારથી જ સેકટરમાં પાકા દબાણો દુર કરવાનુ અભિયાન હાથ ધરતા સેકટરવાસીઓમાં ફફડાટ : રહેણાંક વિસ્તારમાં દુકાનો તાંણી બંધાતા બુલડોઝર ફેરવી દેવાયુ : મુળ કરતા પણ વધુ જગ્યા દબાણોના કબજામાં હોવાનુ ધ્યાને આવ્યુ : હજુ પણ દબાણો દુર કરાશે**

ગાંધીનગર તા ૨૭

શહેરના સે-૨૪ માં આજે દબાણતંત્ર ત્રાટકયુ હતુ. સેકટરના હાઉસીંગ બોર્ડના રહેણાંક વિસ્તારમાં તાંણી બંધાયેલી ગેરકાયદેસર દુકાનો આજે તોડી પાડવામાં આવી હતી. સવારથી જ દબાણ તંત્રએ કામગીરી શરૂ કરી દેતા સ્થાનિકોમાં પણ ઉહાપોહ મચી ગયો હતો. સેકટરવાસીઓ પણ દબાણ દુર થતા હતા તે સ્થળે ટોળે વળી ગયા હતા. છેલ્લા ઘણાં સમયથી મુળ જગ્યા કરતા પણ દબાણોનુ અસ્તિત્વ મજબુત બની ગયુ હોવાનુ ચિત્ર સામે આવ્યુ હતુ. આ વિસ્તારમાંથી આજે દબાણતંત્રએ ૧૫ જેટલા પાકા દબાણો દુર કરી ગેરકાયદેસર ધમધમતી દુકાનોનો ખાતમો કર્યો હતો. હજુ પણ આ ઝુંબેશ ચાલુ રહેશે. માર્જીનની જગ્યામાં મંજુરી વિના તાંણી બંધાયેલા પાકા દબાણો પર બુલડોઝર ફેરવવા માટે તંત્ર હરકતમાં આવતા સ્થાનિકોમાં પણ ફફડાટ પ્રવર્તયો છે.




શહેરમાં છેલ્લા કેટલાક સમયથી દબાણ હટાવ ઝુંબેશ પુરજોશમાં ચાલી રહી છે. પ્રથમ તબક્કામાં લારી ગલ્લાના દબાણોને દુર કરાયા બાદ કોર્પોરેશનની દબાણ શાખા દ્વારા સેકટરોમાં સ્થિત દુકાનોના શેડના તેમજ ઓટલા અને પાર્કીંગ વિસ્તારના દબાણોનો સફાયો કરવામાં આવ્યો હતો. શહેરમાં દુકાનોને અનુલક્ષી વેપારીઓ દ્વારા શેડ તાંણી બાંધવાની સાથે ઓટલા અને પાર્કીંગની જગ્યામાં પણ દબાણો ઉભા કરી દેવાયા હતા. જયારે કોર્મશિયલ કોમ્પલેક્ષો આસપાસ સ્થિત પાર્કીંગની જગ્યામાં પણ દબાણોનો અડ્ડો કાયમી બનતા નગરની પાર્કીંગ વ્યવસ્થા અને ટ્રાફિકને લગતી સમસ્યાઓ પણ હદ પાર કરી ચુકી છે. આવા સંજોગોમાં દબાણતંત્ર દ્વારા સેકટરોમાં તબક્કાવાર દબાણોનો ખાતમો કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. આજે પણ મહાનગરપાલિકાના દબાણ તંત્ર અને ટાઉન પ્લાનીંગ શાખાના અધિકારીઓની હાજરીમાં સે-૨૪ માં હાઉસીંગ બોર્ડના મકાનોમાં સ્થિત કોર્મશિયલ દબાણો પર બુલડોઝર ફેરવી દેવાયુ હતુ.

સેકટરમાં સવારથી જ દબાણતંત્ર દ્વારા દબાણ હટાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. હાઉસીંગ બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલા આવાસોમાં છેલ્લા ઘણાં સમયથી મુળ જગ્યા કરતા પણ વધુ દબાણના કબ્જામાં હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ હતુ. જેને ધ્યાને લઈ દબાણ શાખાએ આજે સવારે મેન પાવર અને મશીનરી સાથે આ પાકા દબાણોનો કડુસલો કરવા માટે ઝુંબેશ હાથ ધરી હતી. માર્જીનની જગ્યામાં ઉભા કરાયેલા દબાણો પણ દુર કરાયા હતા. રહેણાંક વિસ્તારમાં તાંણી બંધાયેલી ૧૫ જેટલી પાકી દુકાનો દુર કરવામાં આવી હતી. પાકા દબાણો પર બુલડોઝર ફેરવી દેવાતા સ્થળ પર સેકટરવાસીઓના ટોળા વળ્યા હતા. જો કે દબાણતંત્રના જણાંવ્યા મુજબ હજુ સેકટરમાં સ્થિત પાકા દબાણો દુર કરવામાં આવશે. દબાણ હટાવ કામગીરી યથાવત રહેશે.

## આશાબા રાઠોડનું મહિલા બાળ વિકાસ અને શિક્ષણ સમિતિમાંથી રાજીનામુ

**મહિલા બાળ વિકાસ સમિતિમાં નિયુક્ત પાંચ સભ્યોમાંથી ૪ સભ્યોના રાજીનામાથી રચના પહેલાં જ બાળમરણ**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની મહિલા-બાળ વિકાસ સમિતિની રચના પહેલાં જ તેનુ બાળ-મરણ થયુ છે. આજે આ સમિતિમાંથી આશાબા કાળુસિંહ રાઠોડે પણ રાજીનામુ આપ્યુ છે. આ સમિતિમાંથી રાજીનામા આપનાર સભ્યોની સંખ્યા ૪ પર પહોંચી છે. પાંચ સભ્યોની સામાન્ય સભાએ નિયુક્તી કરી હતી.

આશાબા રાઠોડની કુલ ૪ સમિતિના સભ્ય તરીકે નિમણુંક થતાં તેમને કોઈપણ બે સમિતિમાંથી રાજીનામા આપવા માટે તંત્રએ પત્ર લખ્યો હતો.

શ્રીમતિ રાઠોડે આજે શિક્ષણ સમિતિ તેમજ મહિલા બાળ વિકાસ સમિતિમાંથી રાજીનામુ આપતો પત્ર જિલ્લા પંચાયત પ્રમુખ અને જિલ્લા વિકાસ અધિકારીને મોકલી આપ્યો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની પ્રથમ બેઠક ૩૧મી ઓગષ્ટે થવાની છે. ત્યારે આજે મહિલા બાળ વિકાસ સમિતિમાંથી ચોથા સભ્યએ રાજીનામુ આપ્યુ છે.

આ અગાઉ આ સમિતિમાંથી દિનેશજી ઠાકોર, રામાજી ઠાકોર અને અન્ય એક સભ્ય રાજીનામુ આપી ચુક્યા છે જે નોંધનીય છે. જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની પ્રથમ બેઠક મળે તે પૂર્વે જ મહિલા બાળ-વિકાસ સમિતિમાંથી ચોથા સભ્યનું રાજીનામુ આવતાં આ સમિતિનું બાળમરણ થયુ છે.

## ઉત્તરપ્રદેશની ટીમ અમરાપુર (ખરણા)ની મુલાકાતે પહોંચી

**ટીમે ગ્રામવિકાસ તેમજ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અંગેની જાણકારી ગ્રામજનો સાથે વાત કરી મેળવી**

ઉત્તરપ્રદેશ સરકારના અધિક મુખ્ય સચિવ રાજેન્દ્રકુમાર તિવારી અને તેમના ત્રણ અન્ય અધિકારીઓની ટીમ આજે જિલ્લાના પ્રવાસે હતી. તેઓએ માણસા તાલુકાના અમરાપુર (ખરણા)ની મુલાકાત લઈ સોલિડ અને લીકવીડ વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત ચાલતી કામગીરી નિહાળી ગ્રામજનો સાથે પરામર્શ કર્યો હતો. ગઈકાલે મોડી રાત્રે આવેલી આ ટીમે પ્રથમ સચિવાલયમાં ગ્રામવિકાસ વિભાગ અને પંચાયત વિભાગ સાથે બેઠક કર્યા બાદ ટીમ ગામની મુલાકાતે પહોંચી હતી. આ ટીમે સાડાત્રણ કલાક જેટલો સમય ગ્રામજનો સાથે વિતાવી સમરસ ગ્રામ પંચાયતની વાત ઉપરાંત ગામના વિકાસની વાતો ખુલ્લામને ગ્રામજનો સાથે કરી હતી. ટીમે ગામની આંગણવાડી, આર.ઓ. પ્લાન્ટ, પ્રા. શાળા, સહકારી મંડળીની પણ મુલાકાત લીધી હતી. ગ્રામ વિકાસની વિવિધ કામગીરી નિહાળી આ ટીમ અત્યંત પ્રભાવિત થઈ હતી તેમાંય સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત કરવામાં આવી રહેલી કામગીરીની નાનામાં નાની વિગતોની પણ જાણકારી મેળવી હતી. ટીમની સાથે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બ્રહ્મભટ્ટ તેમજ પંચાયતના અન્ય અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

## સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ બાકી કામ ઝડપથી પુર્ણ કરવા પ્રબળ માંગ

**ચોમાસાના અંતે સેકટરોમાં આંતરિક માર્ગોનુ કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૨૭

શહેરમાં હજુ માર્ગ સુધારણાનુ કામ બાકી છે. જયારે નવા સેકટરોમાં સે-૧ થી ૫ ના આંતરિક માર્ગોનુ કામ પુર્ણ થયુ છે. પરંતુ અન્ય સેકટરોમાં આંતરિક માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. વરસાદી દિવસો દરમિયાન સે-૬ થી ૮ માં પણ માર્ગોનુ ધોવાણ થયુ છે. જયારે જુના સેકટરોમાં પણ માર્ગો ખરબચડા બનતા માર્ગ સુધારણાનુ કામ વરસાદી દિવસોના અંતે ત્વરિત હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ પણ સ્થાનિકોમાં ઉઠવા પામી છે.

શહેરમાં હજુ માર્ગ સુધારણા અન્વયે માત્ર ૪૦ ટકા કામગીરી જ થઈ છે.જયારે સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ મોટાભાગનુ બાકી છે. મુખ્યમાર્ગોને ચકાચક બનાવવા માટે પણ આગામી દિવસોમાં કામગીરી હાથ ધરાશે. અગાઉ સે- ૧થી ૫ માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાયુ હતુ પરંતુ સે-૬ થી ૮ માં હજુ માર્ગોની હાલત ઉબડખાબડ છે. જયારે વરસાદી દિવસોમાં આંતરિક માર્ગો વધુ ખરબચડા બન્યા છે. જયારે કેટલાક ઠેકાણે રસ્તાઓની સાઈડમાં ગાબડા પણ જોવા મળી રહ્યા છે. સે-૬ થી ૮ માં આગામી સપ્ટેમ્બર મહીનામાં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે.જયારે જુના સેકટરોમાં પણ ચોમાસાના અંતે ત્વરિત આંતરિક માર્ગોની સુધારણા માટેની કામગીરી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. શહેરના જુના સેકટરોમાં પણ આંતરિક માર્ગોની સુધારણા માટે અગાઉ તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે .પરંતુ હજુ સુધી આ દરખાસ્તને મંજુરી આપવામાં આવી નથી. આ ઉપરાંત શહેરના મુખ્ય ઘ અને ચ માર્ગનુ પણ ચોમાસાના અંતે કામ હાથ ધરવામાં આવશે . આગામી વાઈબ્રન્ટ સમિટિને અનુલક્ષી માર્ગ સુધારણાની કામગીરી તેજ ગતિએ હાથ ધરાશે.

## રાજયના શ્રેષ્ઠ શિક્ષકોની યાદીમાં જિલ્લાના જીતેન્દ્ર મોદી અને અલકાબેન પટેલની પસંદગી

**રાજયના શ્રેષ્ઠ શિક્ષકોની યાદીમાં ગાંધીનગરના જિતેન્દ્ર મોદી અને દહેગામના રામાજીના છાપરાના આચાર્યા અલકાબેન પટેલની પસંદગી થતા જિલ્લાના શિક્ષણ જગતમાં આનંદનો માહોલ**

ગાંધીનગર, તા. ૨૭

રાજયના શિક્ષણ વિભાગે આજે જાહેર કરેલા શ્રેષ્ઠ શિક્ષકોના એવોર્ડમાં ગાંધીનગર જિલ્લાના બે



નો સમાવેશ કરાતાં જિલ્લાના શૈક્ષણિકજગતમાં આનંદનો માહોલ છવાઈ જવા પામેલ છે.

શિક્ષકોની સેવાપોથીના અપડેશન માટે તાલુકામાં ખાસ કેમ્પોનું આયોજન કરી અને આગવી ઓળખ ઉભી કરનાર તાલુકાના મદદનીશ પ્રા.શિ.અ. જિતેન્દ્રકુમાર મણિલાલ મોદીની પસંદગી એવોર્ડ માટે કરાઈ છે.

છેલ્લા ૨૧ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલ મોદી અગાઉ બનાસકાંઠા જિલ્લામાં ફરજો બજાવતા હતા અને જિલ્લાફેર બદલી થકી ગાંધીનગર આવ્યા બાદ ટુંકાગાળામાં જ પોતાની આગવી ઓળખ તેમણે ઉભી કરી છે.

તેઓએ બાળકોને ટી.વી. પર અપાતા શૈક્ષણિક કાર્યક્રમોમાં સ્ક્રીપ્ટ રાઈટર તેમજ કલાકાર તરીકેની પણ મહત્વની ભૂમિકા ભજવી છે. સારા અક્ષરો માટે પણ વિદ્યાર્થીઓને સતત આગ્રહ કરતા મોદી બાળકોમાં પણ એટલા જ લોકપ્રિય રહ્યા છે.

તંત્ર અને શિક્ષકો વચ્ચે સેતુ બની આગવી ઓળખ ઉભી કરનાર મોદી હાલ ગાંધીનગર તા.પં.માં ફરજો બજાવે છે.

આ ઉપરાંત દહેગામ તાલુકાના અંતરિયાળ ગામ

● અનુસંધાન પાન-૭ પર



શ્રાવણીયો સોમવાર - ગાંધીનગરના પ્રસિદ્ધ શીવાલય વૈજનાથ માલણેશ્વર મહાદેવમાં શ્રાવણ માસના ત્રીજા સોમવારે અલૌકિક શણગાર કરાયો હતો.. શીવલીંગની આસપાસ વિવિધ ફુલોથી ૧૨ જ્યોર્તિલીંગની પ્રતિકૃતિ તૈયાર કરાઈ હતી... શહેરની સ્થાપના કાળ પૂર્વેના શીવાલયમાં શ્રાવણ માસ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાય છે... શણગાર અને આરતી-મહાઆરતીમાં ભાવિકો મોટી સંખ્યામાં જોડાય છે.

## કોંગ્રેસ શાસિત પંચાયતોના પદાધિકારીઓની આવતીકાલથી બેદિવસીય તાલિમ શિબિર

ગાંધીનગર, તા. ૨૭

રાજયની કોંગ્રેસશાસિત પંચાયતોના પદાધિકારીઓને ૨૯ અને ૩૦ ઓગષ્ટ દરમ્યાન પેથાપુર-રાંધેજા માર્ગ પર આવેલી મોદીવાડીમાં ખાસ તાલિમ આપવામાં આવશે.

રાજયની વિવિધ પંચાયોતના ૨૫૦થી વધુ પદાધિકારીઓ આ તાલિમમાં ભાગ લેવા માટે આવી રહ્યા હોવાથી ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ તેમજ પંચાયતના પદાધિકારીઓ દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરાઈ છે.

આ તાલિમ શિબિરમાં પંચાયતી રાજ ક્ષેત્રે આગવી ઓળખ ઉભી કરનારા આગેવાનો ખાસ ઉપસ્થિત રહેનાર છે. આ તાલિમ શિબિરમાં પંચાયતી રાજના નિષ્ણાતો દ્વારા ખાસ પ્રવચનો આપવામાં આવશે તેમજ પ્રશ્નોત્તરી પણ કરવામાં આવશે.

આ માટે જુદી જુદી સમિતિઓની રચના પણ કરવામાં આવી છે. પ્રદેશ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડા ઉપરાંત પ્રદેશના મહાનુભાવો તેમજ કેન્દ્રના પણ કેટલાક આગેવાનો આ શિબિરમાં ભાગ લેવા માટે આવી રહ્યા છે.

## આજે ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય સભા મળશે : વિકાસ કામોને મંજુરી અપાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે તા. ૨૮મીના રોજ સામાન્ય સભા તાલુકા પંચાયતના પ્રમુખ શોભનાબા વાઘેલાના અધ્યક્ષપદે મળશે.

તાલુકા પંચાયતની આ બેઠકમાં સભ્યોને વિસ્તાર વિકાસ માટે સ્વભંડોળમાંથી રૂ. ૧૦ લાખના કામો સૂચવવા માટેનો મહત્વનો નિર્ણય લેવામાં આવશે.

આ ઉપરાંત કારોબારી સમિતિને તેની સત્તાઓની સોંપણી તેમજ વિકાસકામોને મંજૂરી આપવાની સત્તાનો મુદ્દો પણ ચર્ચામાં આવશે. ગાંધીનગર તાલુકા પંચાયતના હાલના ૩૬ સભ્યો છે જેમાં ૧૯ કોંગ્રેસના અને ૧૭ સભ્યો ભાજપના છે. તાલુકા પંચાયતનું પ્રમુખપદ ભાજપ પાસે છે જયારે સમિતિઓ કોંગ્રેસ પાસે છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com